# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ–૩૮૮ ૧૧૦

વંચાણે લીધો: ૧. હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદનાં ગ્રાન્ટ ફાળવણીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/હિનિ/પ્લાન યોજના/ગ્રાન્ટ ફાળવણી/૬૪/૨૦૨૪ તા.૦૯/૦૪/૨૦૨૪

૨. અત્રેની કચેરીના પત્ર જા.નં.આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૩૦)/૧૭૯-૨૧૦/૨૪, તા.૯/૦૪/૨૦૨૪

૩. અત્રેની કચેરીના કાર્યાલય આદેશ જા.નં. આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૩૧)/૪૮૪/૨૪, તા.૦૧/૦૫/૨૦૨૪

વિષય : વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્લાન યોજનાઓમાં ફાળવેલ ગ્રાન્ટનો ત્રિમાસિક સમભાગે ખર્ચ કરવા બાબત...

## પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્લાન યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, પ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ માં ચાલુ કાર્યક્રમો હેઠળ હિસાબ નિયામકશ્રી દ્વારા સંદર્ભ-૧ ના કાર્યાલય આદેશથી પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે ગ્રાન્ટની ફાળવણીના હુકમ કરવામાં કરવામાં આવેલ છે. સંદર્ભ-૧ ના કાર્યાલય આદેશથી રીકરીંગ કન્ટીઝન્સી સદરે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પુરા વર્ષ માટેની છે. જેથી, યોજનાના હેતુઓ ધ્યાને લઈને, જરૂરી આવશ્યક ખર્ચ કરવાનો રહેશે તેમજ વર્ષ દરમ્યાન ત્રિમાસિક સમભાગે ખર્ચ થાય તેવું આયોજન હાથ ધરવાનું રહેશે. પ્લાન યોજનાઓમાં વર્ષ દરમ્યાન ત્રિમાસિક સમભાગે જોગવાઈ મુજબ ખર્ચ નહીં થાય અને રાજ્ય સરકારશ્રી તરફથી જોગવાઈમાં કાપ મુકવામાં આવશે અને તેના કારણે યોજનાની પ્રગતિમાં અસર પડશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.

વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્લાન યોજના સદરે મંજુર થયેલ નોન-રીકરીંગ સાધનોની યાદી સંદર્ભ-૨ ના પત્રથી યોજનાનાં નિયંત્રણ અધિકારીશ્રીઓને મોકલી આપેલ છે. જ્યારે, વર્ષ ૨૦૨૪-૨૫ માં પ્લાન યોજનાઓમાં નોન-રીકરીગ સદરે સાધનો માટે ફાળવેલ ગ્રાન્ટ સામે ૩૧ મે, ૨૦૨૪ સુધી ખૂબ જ ઓછો ખર્ચ થયેલ છે. જેથી, નોન-રીકરીંગ સદરે મંજુર થયેલ સાધનોની ખરીદી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, કેટલીક પ્લાન યોજનાઓમાં એક કે તેથી વધુ જથ્થામાં સાધનો મંજૂર કરવામાં આવે છે. ત્યારે, મંજૂર થયા મુજબ સાધનોનો જથ્થો ખરીદવાને બદલે ઓછા સાધનોનો જથ્થો ખરીદવામાં આવે છે. જેથી, અત્રેની કચેરી દ્વારા ખાસ ધ્યાન દોરવામાં આવે છે કે, મંજૂર થયેલ તમામ સાધનોની ખરીદી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. પ્રસ્તુત મંજુર થયેલ સાધનોની ખરીદી પૂર્ણ કરવામાં નહી આવે અને ભવિષ્યમાં પૂર્તતા કરવાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીની રહેશે.

જ્યારે, સંદર્ભ-૩ના કાર્યાલય આદેશથી ક્લાસીફાઈડ વર્ક્સની ગ્રાન્ટ અત્રેની કચેરી દ્વારા ફાળવવામાં આવેલ છે. સદરહું ફાળવેલ ગ્રાન્ટ સામે ૩૧ મે, ૨૦૨૪ સુધી ખૂબ જ ઓછો ખર્ચ થયેલ છે. જેથી, ક્લાસીફાઈડ વર્ક્સની કામગીરી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

જા.નં.: આકૃયુ/ડીઆર/પ્લાન-૨(૪૨૮)/૧૫૧૮ /૨૪,
તા. 09 /૦૬/૨૦૨૪

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ સવિનય રવાના:

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.
(૨) પ્લાન યોજનાઓના સર્વે નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જરૂરી કાર્યવાહી સારૂ.
(૩) કાર્યપાલક ઈજનેરશ્રી, આકૃયુ, આણંદ તરફ જાણ તથા પ્લાન યોજનાઓમાં માઈનોર અને ઓરીજીનલ વર્ક્સ (MoW) હેઠળ ફાળવેલ ગ્રાન્ટ સામે ખૂબ જ ઓછો ખર્ચ થયેલ છે જેથી, ફાળવેલ ગ્રાન્ટનો સમયસર ખર્ચ થાય તે અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.